# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-01-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ અભિભાષણ

**સંસદના બજેટ સંત્રનો આજે સવારે 11 વાગે રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે આરંભ થયો. રાષ્ટ્રપતિએ સંસદ ભવનમાં લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કર્યું હતું.**

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના સંબોધનમાં  કહ્યું કે, તેમની સરકાર દેશના વિકાસ અને લોકોના કલ્યાણ માટે અભૂતપૂર્વ ગતિએ કામ કરી રહી છે.**

---------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રીજા કાર્યકાળમાં સંસદના પ્રથમ સંપૂર્ણ બજેટ સત્રની શરૂઆત પહેલા પત્રકારો સાથે વાતચીત કરી. તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, 2047માં જ્યારે ભારત સ્વતંત્રતાના 100 વર્ષ પૂર્ણ કરશે, ત્યારે દેશ વિકાસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરશે.**

---------------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-કામદારોને રજા

**16 ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણીનાં મતદાનનાં દિવસે શ્રમયોગીઓ-કર્મચારીઓને વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવા રાજયના શ્રમ આયુકતની કચેરીની યાદીમાં જણાવાયું છે. આ દિવસે જે તે વિસ્તારમાં ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલી સંસ્થાઓના કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જે દિવસે અઠવાડિક**

**રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં કે બદલીમાં મતદાનના દિવસે રજા આપવાની રહેશે તેમ યાદીમાં જણાવાયું છે.**

**--------------------------------------------------------------------------------------------**

## ઇ- ગ્રામ વિશ્વ ગ્રામ યોજના

**રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2007-08થી ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી છે. હવે પંચાયત દ્વારા ગ્રામજનોને 67 પ્રકારનાં પ્રમાણપત્ર 20 રૂપિયામાં આપવામાં આવશે. ગ્રામજનોને ગામડામાં જ ક્રિમિલેયર, આવકનો દાખલો, રેશનકાર્ડમાં ફેરફાર, કેરેક્ટર સર્ટિફિકેટ મળી જશે. આ માટે તાલુકા-જિલ્લા કક્ષાએ ધક્કો નહીં ખાવો પડે. આ માટે નાગરિકોએ ઇ-ગ્રામ પંચાયત મારફત ફોર્મ ભરવાનું રહેશે અને પછી આ ફોર્મ જે તે તાલુકા કક્ષાના અધિકારીઓને સબમિટ થશે અને પછી તેમની સહી થઇને પરત આવતા નાગરિકોને આ પ્રમાણપત્ર મળશે.**

**--------------------------------------------------------------------------------------------**

## ભારતીય વાયુસેના-એર શો

**ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા આજે ધોરડોના સફેદ આકાશમાં એર શો યોજાયો હતો. ઇન્ડિયન એરફોર્સનાં 9 હોક વિમાનો દ્વારા આકાશમાં અદભૂત કરતબ બતાવવામાં આવ્યાં હતાં. એર શોને નિહાળવા માટે ધોરડો ખાતે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા જેમાં શાળાના બાળકોની સંખ્યા સવિશેષ રહી હતી. સૂર્યકિરણ એરોબેટિક ટીમે ધોરડોના આકાશને આજે તિરંગા સહિતના રંગોથી રંગી દીધું હતુ. પાયલટ દ્વારા આકાશમાં અવનવા કરતબ દેખાડી ઉપસ્થિત પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. એર શો માણવા આવેલા લોકોએ વાયુસેનાની ટીમની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે ગઇકાલે નલિયાના પિંગ્લેશ્વર દરિયા કિનારે એર શો યોજાયો હતો અને આવતીકાલે ફરી ધોરડોના આકાશમાં એર શો યોજાશે.**

**--------------------------------------------------------------------------------------------**

## હવામાન

અમદાવાદથી હવામાન વિભાગે આગામી 07 દિવસ માટે રાજ્યમાં હવામાનની આગાહી કરી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા મુજબ રાજ્યમાં આગામી 07 દિવસ વાતાવરણ શુષ્ક રહેશે. . રાજ્યની આસપાસના વાતાવરણમાં બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉદ્દભવ્યા છે, પણ તેની અસર રાજ્યના હવામાન ઉપર થશે નહિ. હાલમાં કોઈ વરસાદની શક્યતાઓ નથી. રાજ્યનું સૌથી ઓછું તાપમાન આજે નલિયામાં 9.4 ડિગ્રી નોંધાયું હતું જ્યારે જ્યારે ભુજમાં 15.4 ડિગ્રી નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------

## પ્રખરતા શોધ કસોટી

ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના ઉપક્રમે ગઇકાલે કચ્છ સહીત રાજ્યભરના 169 પરીક્ષા કેન્દ્રોમાં પ્રખરતા શોધ કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે કચ્છ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી સંજય પરમારે આપેલી વિગતો મુજબ આ કસોટી કચ્છ જિલ્લાના 20 કેન્દ્રના 193 બ્લોકમાં લેવાઇ હતી. કુલ નોંધાયેલા 5698 પૈકી પ્રથમ સત્રમાં 4136 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.

---------------------------------------------------------------------------------

## જાહેરનામું

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સાવચેતીના પગલાંરૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રેનટ મિતેશ પંડ્યા દ્વારા જુદા જુદા જાહેરનામાં બહાર પાડવામા આવ્યા છે. જિલ્લાગ સેવા સદન, તથા મધ્યસ્થાન સેવા સદન ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા , નખત્રાણા, અબડાસા, નલિયા, દયાપર, મુન્દ્રા , માંડવી, ગાંધીધામ, અને રાપર તાલુકા સેવા સદનની બહાર કે અંદર તથા પોલીસ સ્ટેશનો, જાહેર સ્થળો, સરકારી કચેરીઓની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તા રમાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા અંગે મનાઇ ફરમાવાઇ છે. તો જિલ્લાાની સરકારી કચેરીઓમાં ચાર કરતાં વધુ વ્યક્તિઓને ભેગા થઈને આવેદન પત્ર આપવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પડાયું છે. તથા સુલેહ શાંતિના ભાગરુપે 14 ફેબ્રુઆરી સુધી કચ્છમાં હથિયારબંધીના

**આદેશ જાહેર કરાયા છે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે.**

**-----------------------------------------------------------------------------------------**